# મુંબઈમાં અનરાધાર વરસાદ : જનજીવન ઠપ

## ૫ મીટર સુધી ઉંચી લહેર ઉઠી : ૬૦ કલાકમાં અતિ ભારે વરસાદની આગાહી

મુંબઈ,તા. ૨૪

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ભારે વરસાદ આજે સતત બીજા દિવસે પણ જારી રહ્યો હતો જેના કારણે રેલવે ટ્રેક ઉપર પણ પાણી ફળી વળ્યા છે. ટ્રેનોને રોકી દેવાની પણ ફરજ પડી છે. પાણી ભરાઈ જવાના લીધે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મુંબઈ શહેરને હાલમાં વરસાદથી કોઈ રહાત મળે તેવી શક્યતા ખૂબ ઓછી દેખાઈ રહી છે. આગામી ૬૦ કલાકમાં મુંબઈમાં અતિ ભારેથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ભારે વરસાદ બાદ વહીવટી તંત્રએ હાઈ એલર્ટની જાહેરાત કરી છે. ઘણા વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતિથી લોકો કલાકો સુધી અટવાયેલા રહ્યા હતા.







આગામી ૨૪ કલાક સુધી ભારે વરસાદ જારી રહે તેમ માનવામાં આવે છે. હાઈ ટાઈડના કારણે દરિયામાં પાંચ મીટર ઉંચી લહેરો ઉઠતા લોકોને સાવધાન કરવામાં આવ્યા હતા. વર્ષમાં સૌથી ઉંચી લહેરો ઉઠી હોવાનું પણ જાણવા મળ્યુ છે. ઉંચી લહેરોને જોવા માટે પણ દરિયાકિનારને લોકો પહોંચ્યા હતા. સેન્ટ્રલ, વેસ્ટર્ન અને હાર્બર ત્રણેય લાઈનો પર ટ્રેનો ૨૦થી ૩૦ મિનિટ મોડેથી દોડી રહી છે. ફલાઈટોના કાર્યક્રમમાં પણ ફેરફાર કરાયો હતો.

આજે સવારે મુંબઈ મહાનગરપાલિકાએ ચેતવણી જારી કરતા કહ્યુ હતુકે જરૂર પડશે તો લોકોને અન્યત્ર ખસેડવામાં આવશે. કોલાબા, શાન્તાક્રુઝમાં ક્રમશ ૮૪.૬ મિમી અને ૧૪૨.૨ મિમીથી વધારે વરસાદ ખાબકી ચૂક્યો છે. ભાન-દૂપમાં સૌથી વધુ ૧૫૧. મિમીથી વધુ વરસાદ નોંધાયો છે. વડાલામાં ૧૪૦.૨ મિમીથી વધુ, કુરલામાં ૧૩૩.૯ મિમીથી વધુ, દાદરમાં ૧૩૨.૯ મિમીથી વધુ વરસાદ થયો છે. જ્યારે બાન્દ્રામાં ૧૩૨.૬ મિમી વરસાદ થયો છે. ૧૨ કલાકાના ટૂંકા ગાળામાં મુંબઈ શહેરમાં સરેરાશ ૯૬ મિમી જેટલો વરસાદ નોંધાયો હતો. મુંબઈમાં છેલ્લા ૧૦ દિવસથી ભારેથી અતિ ભારે વરસાદ થઈ રહ્યો છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું છે. બીજી બાજુ દરિયામાં ઊંચા મોજા ઉછળવાની ચેતવણી પણ આપવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવધાન રહેવા કહેવામાં આવ્યું છે. આજે ભારે વરસાદના પરિણામ સ્વરૂપે ભારે અફડાતફડી અને અંધાધૂંધી સર્જાઈ ગઈ હતી. ઘણી જગ્યાઓએ ટ્રફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. કલાકો સુધી વરસાદ જારી રહેતા લોકો મુશ્કેલીમાં દેખાયા હતા. ટ્રેન સેવાને પણ માઠી અસર થઈ હતી. સાંતાક્રૂઝમાં એસવી રોડ, અંધેરીમાં શાકીનાકા-મારોલ રોડ, માહિમ ચર્ચ વિસ્તાર, વરસોવા, મિલાન સબવે, જુહુ, માટુંગા અને કુર્લામાં પાણી ભરાઈ ગયા હતા. થાણે અને રાયગઢમાં પણ અતિ ભારે વરસાદ થયો છે. હવામાન વિભાગે આગાહીમાં જણાવ્યું છે કે મુંબઈમાં આગામી ૬૦ કલાકમાં ભારે વરસાદ થઈ શકે છે.

## મધ્યાહન ભોજન : આરોપી સ્કૂલ પ્રિન્સિપલ શરણે થયા

પટણા,તા. ૨૪

બિહારમાં છપરા ખાતે તાજેતરમાં મધ્યાહન ભોજન યોજના દરમિયાન મોટી સંખ્યામાં ખોરાકી ઝેરથી બાળકોના મોત થયા હતા. ૨૩ બાળકોના મોત બાદ ફરાર થઈ ગયેલા ધરમસતી ગંડામાન પ્રાથમિક સ્કૂલના પ્રિન્સિપલે આજે આખરે શરણાગતિ સ્વીકારી લીધી હતી. આની સાથે જ છેલ્લા ઘણા દિવસથી ચાલતા સસ્પેન્સનો અંત આવી ગયો હતો.

આરોપી સ્કૂલ પ્રિન્સિપલે શરણાગતિ સ્વીકારી લીધી હતી. અગાઉ દિવસમાં તાત્કાલિક ધોરણે પોલીસ સમક્ષ ઉપસ્થિત થવા પ્રિન્સિપલ મિણાદેવીના આવાસ પર એક નોટિસ મુકવામાં આવી હતી. આમા એવી ધમકી પણ આપવામાં આવી હતી કે જો પોલીસ સમક્ષ તાત્કાલિક હાજર થશે નહીં તો તેમની સંપત્તિને જપ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સારનના પોલીસ અધિકારી સુજિતકુમારે આજે આ મુજબની માહિતી આપી હતી. મધ્યાન ભોજન યોજનાના બનાવના સંબંધમાં દાખલ કરવામાં આવેલી



એફઆઈઆરમાં મિણાદેવી આરોપી છે. તેઓ છેલ્લા એક સપ્તાહથી ફરાર હતા. એસપીનું કહેવું છેકે આ પ્રક્રિયા માટે કોઈ સમય મર્યાદા ન હતી.પ્રિન્સિપાલને પકડી પાડવા માટે જુદા જુદા સ્થળો પર પોલીસે દરોડા પાડ્યા હતા. મિણાદેવી પર આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ આરોપો મુકાયા હતા જેમાં આઈપીસીની કલમ ૩૦૨(હત્યા) ૧૨૦(બી)(ફોજદારી કાવતરા)નો સમાવેશ થાય છે. સારનના કમિશ્નર શશી શેખર શર્મા અને ડીઆઈજી વિનોદકુમાર દ્વારા તપાસ અહેવાલ સરકારને સુપ્રત કરવામાં આવ્યો હતો જેમાં આ બનાવ માટે સ્કૂલના પ્રિન્સિપલને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા દરમિયાનમાં આ જ ગામમાં સરકારી માધ્મિક સ્કૂલના વધુ એક પ્રિન્સિપલ સામે પણ કાર્યવાહી હાથ ધરાઈ છે. મધ્યાહન ભોજન યોજનાને લઈને ભારે હોબાળો મચેલો છે. હજુ પણ આ સમગ્ર મામલામાં નિષ્ણાંતો દ્વારા તપાસ ચાલી રહી છે.

## પાંચ કિલોના ગેસ સિલિન્ડર ટૂંકમાં પેટ્રોલ પંપ પર મળશે

નવી દિલ્હી, તા.૨૪

ટૂંક સમયમાં જ પાંચ કિલોના રાંધણ ગેસના સિલિન્ડરો પણ પેટ્રોલ પંપ ઉપર બનાવવામાં આવશે.



બેંગ્લોર અને હૈદરાબાદ જેવા મોટા શહેરો અને ચાર મેટ્રોમાં સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા ઓપરેટેડ અને માલિકીના પેટ્રોલ પંપ ઉપરથી ગેસ સિલિન્ડરો મળી શકશે. પેટ્રોલિયમ પ્રધાન એમ વિરપ્પા મોઈલીએ કોમર્શિયલ રેટ ઉપર પાંચ કિલોના સિલિન્ડરોના વેચાણને મંજૂરી આપવા સાથે સંબંધિત દરખાસ્તને લીલીઝંડી આપી દીધી છે. ઓઈલ કંપનીના કારોબારી અધિકારીએ કહ્યું છે કે પાંચ કિલોના સિલિન્ડરોની કિંમત ૩૬૧ રૂપિયા રહેશે. સબસીડીવાળા સ્થાનિક સિલિન્ડર દિલ્હીમાં ૪૦૦ રૂપિયામાં આવે છે. આ પ્રકારના સિલિન્ડરોનું વેચાણ તેલ કંપનીઓના કેટલાક પસંદગીના પેટ્રોલ પંપ પર થશે જેને કોકો આઉટલેટ નામથી ઓળખવામાં આવશે. આ સ્કીમથી બહાર રહીને અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ સહિત એવા લોકોને વધારે ફાયદો થશે જે લોકો મોટા સિલિન્ડર રાખતા નથી. આવી રિફિલ નવ સિલિન્ડરોની વાર્ષિક મર્યાદા બાદ ખરીદી શકાશે. આની કિંમત ૮૩૨ રૂપિયા રહેશે. નિયમિત ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરો જે નોનસબસીડાઈઝ તરીકે જાણીતા છે તેની કિંમત ૧૩૭૫ રૂપિયા રહેશે. શરૂઆતમાં આ સિલિન્ડરો પસંદગીની કંપનીની માલિકી, કંપની ઓપરેટેડ પેટ્રોલ પંપલ ઉપર માર્કેટ ચકાસવા વેચવામાં આવશે. ત્યારબાદ પાઈલોટ પ્રોજેક્ટની સફળતાના આધાર ઉપર આવા તમામ પેટ્રોલ પંપ ઉપર તેનું તબક્કાવાર રીતે વેચાણ શરૂ કરવામાં આવશે. ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં પેટ્રોલિયમ મંત્રાલયની જવાબદારી સંભાળી લીધા બાદથી મોઈલીએ ફયુઅલ રિટેલર્સની કસ્ટમર સર્વિસને સુધારવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરી છે. માર્કેટીંગ નેટવર્કમાં તેમના મૂડીરોકાણને તર્કસંગત બનાવવા માટે પણ પગલાં લેવામાં આવ્યા છે. ઈન્ડસ્ટ્રીના કારોબારીઓ માને છે કે મોઈલીની નવેસરની હિલચાલથી સામાન્ય લોકોને ફાયદો થશે. પાંચ કિલોના સિલિન્ડરોના વેચાણથી વિદ્યાર્થીઓને પણ રાહત થશે. હાલમાં બેથી ત્રણ કિલોગ્રામની કિંમતના રિફિલનો ઉપયોગ કરી રહેલા મેટ્રો અને ઈન્ફોટેક શહેરોમાં નાના દુકાનદારો, યુવા પ્રોફેશનલો અને લાખો વિદ્યાર્થીઓને આનો ફાયદો થશે. વધુમાં આ કન્ઝ્યુમરો સબસીડીવાળા સિલિન્ડરથી નાના સિલિન્ડરો ભરાવવા માટે ગેરકાયદે રીતે સિલિન્ડર ભરાવવાની પ્રક્રિયા પણ ચાલે છે. પેટ્રોલ પંપ પહેલાથી જ જરૂરી સુરક્ષાના ધારાધોરણ ધરાવે છે. રાંધણ ગેસ સિલિન્ડરનું પેટ્રોલપંપ ઉપરથી વેચાણ શરૂ થયા બાદ ખૂબ મોટી રાહત થશે. વધતાં ખર્ચને પણ રોકી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે સબસીડીવાળા ગેસ સિલિન્ડરોને લઈને છેલ્લા ઘણા સમયથી ભારે હોબાળો રહ્યો હતો. ભારે વિરોધ થયા બાદ સબસીડીવાળા ગેસ સિલિન્ડરોની સંખ્યા વાર્ષિક એક પરિવારને વધારીને નવ કરવામાં આવી હતી. જેથી આખરે લોકોની નારાજગી દૂર થઈ હતી. હવે વધુ રાહત થશે.

## ઉત્તરાખંડમાં વરસાદ બાદ ઘણા મકાન ધરાશાયી

ઉત્તરાખંડમાં ભારેથી અતિભારે વરસાદના પરિણામ સ્વરૂપે ફરી એકવાર હાલત કફોડી બની ગઈ છે. ભેખડો ધસી પડવાના અને મકાનો ધરાશાયી થવાના બનાવો બન્યા છે. ઉત્તરાખંડના ચમૌલી જિલ્લાના સુનાલી ગામમાં વાદળ ફાટવાની ઘટના બની છે. આજે સવારે આ બનાવ બન્યો હતો. ઉત્તરાખંડમાં પણ સતત બીજા દિવસે ભારે વરસાદ જારી રહ્યો હતો. જો કે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને મિટિગેશન સેન્ટરના અધિકારીઓએ કહ્યુ હતુકે ઘણા મકાનો ધરાશાયી થયા હતા. સુનાલીમાં સૌથી વધારે નુકસાન થયુ હતુ. કેટલાક ગામોમાં કાચા મકાનો તૂટી પડ્યા હતા. ભેખડો ધસી પડતા ઋષિકેશ-બદ્રિનાથ અને ઋષિકેશ-કેદારનાથ હાઈવેને ઘણી જગ્યાઓએ બંધ રાખવાની ફરજ પડી હતી. વહીવટી તંત્રની ટીમ વરસાદગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી ગઈ છે.

## સમાચાર ઝલક

- હૈદરાબાદમાં દિવાલ ધસી પડતાં ૬ વ્યક્તિઓનાં મોત.
- સંજયદત્તની અંતિમ અરજી પણ સુપ્રીમ કોર્ટે કાઢી નાખી.
- ડ્રાયફ્રુટનાં ભાવમાં ૧૫% નો વધારો.
- નવ વર્ષનાં શાસનમાં વડાપ્રધાન મનમોહનસિંહે ૧૩૦૦ ભાષણો આપ્યા.
- દેશનો ગરીબીનો રેશિયો ઘટીને ૨૧.૯ થયો.
- મુંબઇને ધમરોળતો વરસાદ, ગુજરાતમાં મેઘની મહેર.
- કેટ મિડલટને પુત્રને જન્મ આપ્યો.
- છોટા ઉદેપુરમાં એકલવ્ય છાત્રાલયમાં બાળકોનાં ભોજનમાં ઇયળો-જીવાત, ડે.કલેકટર સામે બળાપો.
- કોડીનારમાં આર.ટી.આઇ. એક્ટિવિસ્ટ ઉપર હુમલો.
- તીથલ અને ડુમ્મસના દરિયા કિનારે ઉછળતાં ૩૫ ઊંચા મોજા, તંત્રએ એલર્ટ જારી કર્યું.
- બિહારમાં વડાપ્રધાન રોજગાર યોજનાનાં ફંડમાંથી હથિયાર બનાવવાનાં કારખાના ધમધમે છે.
- ઇરાકની હાઇ સુરક્ષાવાળી જેલ ઉપર અલકાયદા ત્રાસવાદીઓ ત્રાટક્યા.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની સવારી માટે ૧૨ કરોડની કાર.
- મુંબઇની એક હોટેલનાં બીલમાં કેન્દ્રની યુપીએ સરકારનાં કૌભાંડોનો ઉલ્લેખ, હોટેલનાં એસી. સેક્સનને કોંગ્રેસે બંધ કરાવ્યું.
- ડીસા પંથકમાં બટાટાનું બમ્પર ઉત્પાદન.
- પાકિસ્તાનના ઉત્તર પશ્ચિમમાં પ્રાંતમાં મહિલાઓ પુરૂષોને સાથે લઇને જ બજારમાં જઇ શકશે.
- વધુ એક ભારતીય ક્રિકેટર અશોક ડિંડાનાં લગ્ન થયા...
- આર્થિક મોરચે ભારતીય ગ્રાહકોનો વિશ્વાસ ઘટી રહ્યો છે : સર્વેક્ષણ.
- ગુટખા બાદ હવે તંબાકુના વેચાણ પર પ્રતિબંધ મહારાષ્ટ્રમાં શરૂ.
- કેન્સરપીડિત ટેનિસ સ્ટાર હચીન્સ સ્વસ્થ થઇ જતાં લોકોમાં ખુશી.
- વિશ્વમાં સૌથી વધુ સોનું ભારતીય લોકો ખરીદે છે.
- ઉત્તરાખંડમાં ફરીથી ભારે વરસાદ તથા ભેખડો ધસી પડવાનાં બનવો, તંત્રની મુશ્કેલીઓ વધી.
- ઇકોમેક રેમેડીઝ કંપની દ્વારા રાહતભાવે જીવનરક્ષક દવાઓ મળશે.
- ફિલ્મોમાં અભિનયની તક આપી યુવતીઓને ફસાવવાનું ષડયંત્રનો પર્દાફાશ થયો.
- બેંડમિન્ટન લીગમાં સાઇના નેહવાલનો દબદબો, બેઝ પ્રાઇઝ રૂા. ૬૫.૨૮ લાખ મળ્યા.
- ઇડરમાં ડેન્ગ્યુના ૪ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ, આરોગ્યતંત્ર દોડતું થયું.

### ૨૦૦૫-૧૩ વચ્ચે બનાવવામાં આવેલી કાર પરત

## ૧.૧૪ લાખ ટવેરા કાર પરત ખેંચવાની જાહેરાત

નવી દિલ્હી,તા. ૨૪

ભારતમાં હજુ સુધીના સૌથી મોટા વાહનને પરત ખેંચી લેવાના બનાવમાં જનરલ મોટર્સ ઈન્ડિયાએ આજે જણાવ્યું હતુકે તે ૧.૧૪ લાખ ટવેરા કારને પરત ખેંચી રહી છે. મલ્ટિપર્પજના હેતુવાળા આ વાહન ટવેરાની લોકપ્રિયતા થોડાક સમય પહેલા વધી હતી. વર્ષ ૨૦૦૫ અને ૨૦૧૩ વચ્ચેના ગાળામાં સેવરલેક ટવેરાનું નિર્માણ કરવામાં આવ્યુ હતુ. ચોક્કસ મુદ્દાઓ પર ધ્યાન આપવાના હેતુસર આ કાર પરત ખેંચવામાં આવી રહી છે. જનરલ મોટર્સ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે ટવેરા બીએસ-૩ા મુદ્દાને આવરી લઈને પ્રદુષણ સાથે સંબંધિત ધારાધોરણોને ટાળવા ભારત સરકારને સત્તાવાળાને માહિતી આપી હતી. જનરલ મોટર્સ ઈન્ડિયા સ્વૈચ્છિકરીતે સેવરલેટ ટવેરા બીએસ-૩ અને ૪ મોડલો પરત ખેંચી રહી છે. નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે ૧૧૪૦૦૦ અસરગ્રસ્ત વાહનોને જીએમઆઈના ૨૮૦ ડિલર્સ ખાતે મફતમાં રિપેર કરવામાં આવશે. જીએમઆઈ દ્વારા ચોથી જૂનના દિવસે ટવેરા બીએસ-૩ના વેચાણ અને ઉત્પાદનને બંધ કરવાનો નિર્ણય કરાયો હતો જ્યારે બીજી જુલાઈના દિવસે બીએસ-૪ને બંધ કરવાનો નિર્ણય કરાયો હતો. કાર બનાવતી કંપનીએ કહ્યુ છે કે સમસ્યાનો ઉકેલ શોધી કાઢવા છેલ્લા ઘણા દિવસથી પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા. જનરલ મોટર્સ તરફથી ખામીને દૂર કરવાની મંજુરી મળી ગયા બાદ જનરલ મોટર્સ ફરીવાર ટવેરાનું ઉત્પાદન શરૂ કરશે.

## આયરન ઓર નિકાસ પર અંકુશ ઉઠાવવાનો વિરોધ

મુંબઈ,તા. ૨૪

સ્ટીલ ઉદ્યોગે આયરનઓર નિકાસ ઉપર નિયંત્રણોને ઉઠવી લેવાની હિલચાલનો વિરોધ કર્યો છે. વર્ષ ૨૦૧૪માં સ્થાનિક આયરનઓર ઉત્પાદન તાજેતરના વર્ષોમાં ઘટીને સૌથી નીચી સપાટીએ પહોંચી શકે છે. આયરનઓર ઉત્પાદન ૧૧૦ મિલિયન ટન સુધી પહોંચે તેવી શક્યતા છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન મિનરલ ઈન્ડસ્ટ્રીઝનો અંદાજ છે કે વર્ષ ૨૦૧૩-૧૪ માટે આયરનઓર ઉત્પાદન ૧૦૦-૧૧૦ મિલિયન ટન રહી શકે છે જે તાજેતરના વર્ષોમાં સૌથી નીચી સપાટી છે. છેલ્લા નાણાંકીય વર્ષમાં ૨૧.૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ભારતમાં ૧૪૦ મિલિયન ટનનું ઉત્પાદન થયુ હતુ. ગયા વર્ષે કર્ણાટકમાં ૨૫ મિલિયન ટન અને ગોવાએ નાણાંકીય વર્ષના પ્રથમ છ મહિનાના ગાળામાં યોગદાન આપ્યુ હતુ. સ્ટીલ કંપનીઓ પૈકી મોટા ભાગમાં અછતના પરિણામ સ્વરૂપે ઓછી ક્ષમતામાં કામ કરી રહી છે. ગયા વર્ષે સમગ્ર સ્ટીલ ઉદ્યોગે માત્ર ૭૨ મિલિયન ટન સ્ટીલનું ઉત્પાદન કર્યુ હતુ જ્યારે ક્ષમતા ૧૦૦ મિલિયન ટનની આસપાસ છે. આયરનઓરની ગંભીર અછત પ્રવર્તી રહી છે. દેશમાં પૂરતા પ્રમાણમાં આયરનઓરની અછત છે.

## ડુંગળીની નિકાસ પર બ્રેકની યોજના નથી

નવી દિલ્હી,તા. ૨૪

કેન્દ્રિય કૃષિ પ્રધાન શરદ પવારે ડુંગળીની વધતી જતી કિંમતોના કારણે સામાન્ય લોકો પર વધુ બોજ આવી રહ્યો છે ત્યારે ડુંગળીની નિકાસ ઉપરના પ્રતિબંધની તરફેણ કરી નથી. પવારનું કહેવું છે કે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધની તરફેણમાં તેઓ નથી કારણ કે આવી કોઈ પણ હિલચાલથી ભારતની પ્રતિષ્ઠાને નુકસાન થશે. આ કૃષિ પેદાશના વૈશ્વિક સપ્લાયર તરીકે ભારતની એક પ્રતિષ્ઠા છે. પ્રધાને એમ પણ કહ્યુ હતુ કે ડુંગળીની કિંમતમાં થઈ રહેલો વધારો કામચલાઉ સ્થિતિ છે. મહારાષ્ટ્ર જેવા સૌથી વધુ પ્રમાણમાં ડુંગળીનું ઉત્પાદન કરતા કેટલાક રાજ્યોમાં અતિ ભારે વરસાદના લીધે સપ્લાયને માઠી અસર થઈ છે.

## કિંગફિશર પાસેથી વસૂલીને ઝડપી કરવા બેંકોની તૈયારી

નવી દિલ્હી, તા.૨૪

કિંગફિશર એરલાઈન્સની તકલીફ તાજેતરના સમયમાં દૂર થાય તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે. કારણ કે બેંકોએ ગ્રાઉન્ડેડ કિંગફિશર એરલાઈન્સ ઉપર સંકંજો મજબૂત કરવા યોજના કરી લીધી છે. તેમના બાકીની રકમની વસૂલાત માટે તમામ પ્રયાસ કરવામાં આવશે. આ મહિનાની શરૂઆતમાં જ સર્ફાએસી એક્ટ હેઠળ ૯૦ દિવસની નોટિસની અવધી પૂરી થઈ ગઈ છે. જેના પરિણામ સ્વરૂપે બેંકો કિંગફિશર પાસેથી બાકી રકમની વસૂલાતની પ્રક્રિયાને ઝડપી બનાવશે. સિક્યુરિટીસેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાશિયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (સર્ફાએસી) હેઠળ ૯૦ દિવસની ફરજિયાત નોટિસની અવધી પૂરી થઈ ચૂકી છે. હવે વિજય માલ્યાની માલિકીની કિંગફિશર એરલાઈન્સને વધારે કોઈ રાહત આપવાના મૂડમાં બેંકો દેખાઈ રહી નથી. કિંગફિશરની હાલત પહેલાંથી જ કફોડી બની ચૂકી છે. એસબીઆઈના એક કારોબારીઅધિકારીએ કહ્યું છે કે તમામ બેંકો નોટિસ પ્રિડીયર પૂર્ણ થઈ ગયા બાદ રિકવરીની વસૂલાત માટે નવા પગલાં લેશે. આશરે ૭૦૦૦ કરોડની વસૂલી બાકી રહી છે. મોટાભાગની બેંકોએ એરલાઈન્સને મોટાભાગની રાહતો આપી હતી પરંતુ હવે બેંકો પણ રકમ વસૂલ કરીને તેમની સ્થિતિને મજબૂત કરવા પ્રયાસ કરશે. એસબીઆઈ સૌથી વધુ રકમ મેળવશે. આ ઉપરાંત પંજાબ નેશનલ બેંક, આઈડીબીઆઈ બેંક પણ જંગી વસૂલી કરનાર છે.

## હિટ એન્ડ રન કેસના સંબંધમાં સલમાન ખાનની સામે આરોપ ઘડાયા

મુંબઈ, તા.૨૪

મુંબઈની સેશન કોર્ટે વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસના સંબંધમાં બોલિવૂડના સ્ટાર અભિનેતા સલમાન ખાન સામે આજે આરોપો નક્કી કર્યા હતા. અગાઉ એમ કહેવામાં આવ્યું હતું જે જજની બદલીના પરિણામ સ્વરૂપે સુનાવણી હાલ મોકૂફ કરી દેવામાં આવી છે જેથી તર્ક વિતર્કોનો દોર શરૂ થયો હતો. મુંબઈની સેશન કોર્ટે બુધવારના દિવસે વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસના સંબંધમાં સલમાન સામે આરોપો ઘડવાની વાતને લઈને ભારે ઉત્તેજના જોવા મળી હતી. આ અગાઉ સલમાન પર લાપરવાહીથી ગાડી ચલાવવાનો કેસ ચાલી રહ્યો હતો.

સેશન કોર્ટે ૨૪મી જૂનના દિવસે તેની સમીક્ષા અરજીને ફગાવી દીધી હતી. પરિણામ સ્વરૂપે હવે સલમાન સામે મુંબઈની સેશન્સ કોર્ટે આઈપીસીની કલમ ૩૦૪(૨) હેઠળ બિન ઈરાદાપૂર્વક હત્યાનો આરોપ મુક્યા છે. આ ઉપરાંત કલમ ૩૩૭, ૩૭૯, ૩૩૮, ૪૨૭ હેઠળ પણ આરોપો મુકવામાં આવ્યા છે. ઘણા વર્ષો સુધી સલમાન સામે બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ કરવાના મામલામાં આઈપીસીની કલમ ૩૦૪(એ) હેઠળ મુંબઈની બાંદ્રા કોર્ટમાં કાર્યવાહી ચાલી હતી પરંતુ પુરાવાને ધ્યાનમાં લઈને કોર્ટે સલમાન સામે બિનઈરાદાપૂર્વક હત્યાનો મામલો ચલાવવાનો આદેશ કર્યો હતો. હત્યા તરફ નહીં દોરી જતાં મામલામાં અને બિન ઈરાદાપૂર્વક મોતના મામલામાં ખટલો ચાલશે. જો કે સલમાનની મુશ્કેલી હજુ સુધી દૂર થઈ નથી. સલમાન ખાન સામે અગાઉ કલમ ૩૦૪એ હેઠળ બેદરકારી પૂર્વક ડ્રાઈવીંગથી મોતના હળવા આરોપો હેઠળ કેસ ચલાવવામાં આવ્યો હતો જેમાં મહત્તમ બે વર્ષની જેલની જોગવાઈ રહેલી છે. અત્રે નોંધનીય છે કે સલમાનની ટોયોટા લેન્ડ ક્રુઝર કાર બાંદ્રામાં બેકરીમાં ઘૂસી જતાં એકનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે ઝુંપડપટ્ટીમાં ઊંઘી રહેલા લોકો ઉપર સલમાનની ગાડી ઘૂસી ગઈ હતી જેમાં એકનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. આ મામલાના કારણે સલમાનને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.